શેખ હસીના બે વર્ષ પછી 5મીએ ભારતમાં પ્રથમવાર જાહેરમાં દેખાશે

નવી દિલ્હી, તા. 02 : બાંગ્લાદેશમાં વિદ્યાર્થીઓના નેતૃત્વ હેઠળના વિશાળ આંદોલન વચ્ચે તેમની સરકારને સત્તા પરથી હટાવવામાં આવ્યાના લગભગ બે વર્ષ પછી બાંગ્લાદેશના પૂર્વ વડા પ્રધાન શેખ હસીના પાંચમી ઓગસ્ટના રોજ સાંજે 6:00થી 7:30 વાગ્યા દરમિયાન ભારતમાં મીડિયા સમક્ષ પ્રથમ વાર જાહેરમાં દેખાશે. આ કાર્યક્રમ નવી દિલ્હી સ્થિત 'ફોરેન કોરસ્પોન્ડન્ટ્સ ક્લબ ઓફ સાઉથ એશિયા' દ્વારા વર્ચ્યુઅલી યોજવામાં આવશે, જ્યાં હસીના તેમની ભવિષ્યની યોજનાઓ વિશે વાત કરે તેવી શક્યતા છે.

ઇન્ડોનેશિયાની પેસેન્જર ફેરીમાં આગ લાગતાં ઓછામાં ઓછા પાંચનાં મોત

સુરાબાયા (ઇન્ડોનેશિયા), તા. ૨ (એપી): રવિવારે ઇન્ડોનેશિયાના મુખ્ય ટાપુ જાવા નજીકના સમુદ્રમાં ૨૩૧ લોકોને લઈ જઈ રહેલી એક ફેરી (બોટ)માં આગ લાગતાં ઓછામાં ઓછા પાંચ લોકોનાં મોત થયાં છે અને ડઝનબંધ લોકો ગુમ થયા છે. બચાવકર્તાઓ અને નજીકથી પસાર થતાં વહાણોએ સળગતા જહાજમાંથી સેંકડો લોકોને બહાર કાઢી બચાવી લીધા હતા. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

POKમાં હિમસ્ખલનમાં માર્યા ગયેલા પીઢ પર્વતારોહી પુર્જાનો મૃતદેહ ત્રણ દિવસે મળ્યો

લાહોર, તા. 2 (PTI): પાકિસ્તાન હસ્તગત કાશ્મીર (પીઓકે)ના ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં આવેલા બ્રોડ પીક પર હિમસ્ખલનમાં તણાઈ ગયાના ત્રણ દિવસ પછી રવિવારે પીઢ નેપાળી-બ્રિટિશ પર્વતારોહી નિર્મલ પુર્જાનો મૃતદેહ મળી આવ્યો હતો. તેમની સાથે અન્ય નવ પર્વતારોહીઓ પણ આ હિમસ્ખલનમાં તણાઈ ગયા હતા. આલ્પાહાઈન ક્લબ ઓફ પાકિસ્તાન (એસીપી)એ જણાવ્યું હતું કે, 43 વર્ષીય પર્વતારોહીનો મૃતદેહ લગભગ 5,700 મીટરની ઊંચાઈ પરથી મળી આવ્યો છે. ક્લબે જણાવ્યું કે, અત્યાર સુધીમાં પાંચ પર્વતારોહીઓના મૃતદેહો મળી ચૂક્યા છે અને બાકીના પાંચ પર્વતારોહીઓને શોધવાના પ્રયાસો ચાલુ છે.

બાંગ્લાદેશમાં રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર નક્કી કરવા પીએમ રહેમાન અધિકૃત

ઢાકા, તા. 2 (PTI) શાસક પક્ષ બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (બીએનપી)એ આગામી ચૂંટણીઓ માટે પાર્ટીના રાષ્ટ્રપતિ પદના ઉમેદવારની પસંદગી કરવા માટે વડા પ્રધાન તારિક રહેમાનને અધિકૃત કર્યા છે. એમ સ્થાનિક મીડિયાએ અહેવાલ આપ્યો છે. શનિવારે બીએનપીની નેશનલ સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. એમ ઢાકા ટ્રિબ્યુન અખબારે અહેવાલ આપ્યો હતો. આ બેઠકની અધ્યક્ષતા પીએમ રહેમાન દ્વારા કરવામાં આવી હતી, જેઓ બીએનપીના અધ્યક્ષ પણ છે.

પપ્પુ યાદવ પર પત્રકાર પરિષદમાં ચપ્પલ ફેંકાયું

નવી દિલ્હી, તા. ૨ (PTI) રામ મંદિરમાં દાનની કથિત ચોરી અંગે સંસદ ભવન પરિસરમાં પોતાના વિવાદાસ્પદ નાટકનો બચાવ કર્યા પછી રવિવારે અપક્ષ સાંસદ પપ્પુ યાદવ પર તેમના ઘરે યોજાયેલી પત્રકાર પરિષદ દરમિયાન એક શખ્સે ચપ્પલ ફેંક્યું હતું. આ ઘટના બાદ તેમના સમર્થકો અને હુમલાખોર વચ્ચે ઘર્ષણ થયું હતું. યાદવે જણાવ્યું હતું કે, તેઓ પોતાનો જીવ લેવાના આ હુમલાના પ્રયાસથી ડરવાના નથી.

ગુજરાત માટે રૂ. ૫૦૦ કરોડની કેન્દ્રીય સહાય મંજૂર

રાજ્ય આપત્તિ પ્રતિસાદ ભંડોળમાંથી ગુજરાત માટે પૂર રાહતનો પ્રથમ હપ્તો મંજૂર

પૂરગ્રસ્ત રાજ્યો માટે કુલ રૂ. 2,117.85 કરોડના આગોતરા ભંડોળને મંજૂરી

નવી દિલ્હી, તા. ૨: કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે વર્ષ 2026 ના ચાલુ દક્ષિણ-પશ્ચિમ ચોમાસા દરમિયાન પૂરથી પ્રભાવિત રાજ્યોને મદદ કરવા માટે રાજ્ય આપત્તિ રિસ્પોન્સ ફંડ (SDRF) ના કેન્દ્રીય હિસ્સામાંથી 2,117.85 કરોડના આગોતરા ભંડોળને મંજૂરી આપી છે. આમાંથી ગુજરાત માટે કેન્દ્રીય મદદના પ્રથમ હપ્તા તરીકે રૂ. ૫૦૦ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે.

ચોમાસાની શરૂઆતથી જ ભારત સરકાર રાજ્ય સરકારો સાથે ગાઢ સંકલન કરીને પૂરની પરિસ્થિતિનું સતત નિરીક્ષણ કરી રહી છે. સાત અસરગ્રસ્ત રાજ્યોમાંથી, હિમાચલ પ્રદેશ, ઓડિશા અને નાગાલેન્ડને નાણાકીય વર્ષ 2026-27 માટે SDRF નો પહેલો હપ્તો પહેલાથી જ મળી ચૂક્યો છે. રાહત કામગીરી માટે સમયસર ભંડોળની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે, કેન્દ્રીય ગૃહમંત્રીએ હિમાચલ પ્રદેશ અને ઓડિશા માટે SDRFના કેન્દ્રીય હિસ્સાના બીજા હપ્તાને આગોતરા મુક્ત કરવાની મંજૂરી આપી છે. અસરગ્રસ્ત રાજ્યો માટે મંજૂર કરાયેલી સહાયમાં નાણાકીય વર્ષ 2026-27 માટે SDRFના કેન્દ્રીય હિસ્સાના પ્રથમ હપ્તાની અગાઉથી મુક્તિ તરીકે અરુણાચલ પ્રદેશને 44.55 કરોડનો સમાવેશ થાય છે. અસમને પ્રથમ હપ્તાના એડવાન્સ રિલિઝ તરીકે 379.35 કરોડ રૂ. મંજૂર કરવામાં આવ્યા છે, જ્યારે ગુજરાતને પ્રથમ હપ્તાના એડવાન્સ રિલિઝ તરીકે 500 કરોડ મંજૂર કરવામાં આવ્યા છે.

મોસ્કોના રેસ્તોરાંમાં બોમ્બ ધડાકો થતા ત્રણનાં મોત, 21ને ઈજા

વિસ્ફોટક સામગ્રી રેસ્ટોરન્ટમાં લઇ જવાનો પ્રયાસ કરી રહેલી મહિલાને ગાર્ડે અટકાવતા વિસ્ફોટ થયો

શકમંદ મહિલા, સિક્યુરિટી ગાર્ડ અને એક ગ્રાહકનું મોત થયું, યુક્રેન યુદ્ધ સાથે કોઇ સંબંધ હોવા અંગે કોઇ નિવેદન નથી

મોસ્કો, તા. 2(એપી): મધ્ય મોસ્કોમાં આવેલી એક રેસ્ટોરન્ટમાં બોમ્બ ધડાકો થયો હતો, જેમાં બોમ્બર સહિત ઓછામાં ઓછા ત્રણ લોકોનાં મોત થયા છે, તેમ સ્થાનિક અધિકારીઓને ટાંકીને રશિયન સ્ટેટ મીડિયાએ જણાવ્યું હતું.

રશિયન સરકારી ન્યૂઝ એજન્સી 'રીઆ નોવોસ્તી' દ્વારા ટાંકવામાં આવેલ નેશનલ એન્ટી-ટેરરિઝમ કમિટીના કથન અનુસાર, શનિવારે મોસ્કોના કુઝ્રિન્સ્કાયા સ્કવેર સ્થિત રેસ્ટોરન્ટમાં વિસ્ફોટક સામગ્રીનો વિસ્ફોટ થતાં ઓછામાં ઓછા 21 લોકો ઘાયલ પણ થયા હતા. ન્યૂઝ એજન્સીએ જણાવ્યું હતું કે, રેસ્ટોરન્ટની અંદર વિસ્ફોટક સામગ્રી લઈ જવાનો પ્રયાસ કરનાર એક અજ્ઞાત મહિલાનું આ બ્લાસ્ટમાં મૃત્યુ થયું હતું, જ્યારે એક સિક્યુરિટી ગાર્ડ અને એક ગ્રાહકે પણ જીવ ગુમાવ્યો હતો.

રીઆ નોવોસ્ટીના અહેવાલ મુજબ, મહિલાએ રેસ્ટોરન્ટમાં બોમ્બ છુપાવીને લઈ જવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ સિક્યુરિટી ગાર્ડે તેને અંદર જતાં રોકી હતી અને તે જ સમયે બોમ્બ બ્લાસ્ટ થઈ ગયો હતો. મોસ્કો ઇન્વેસ્ટિગેટિવ કમિટીએ ન્યૂઝ એજન્સીને જણાવ્યું કે આ હુમલાની હજુ પણ તપાસ ચાલી રહી છે. આ સંસ્થાના જણાવ્યા પ્રમાણે શનિવારે સાંજે આ રેસ્તોરાં ખાનગી કાર્યક્રમો માટે બંધ હતું.

પેરુમાં યુરોપિયન પ્રવાસીઓને લઈ જતું પ્લેન ક્રેશ થતાં 13નાં મોત

પ્રવાસીઓ પ્રસિદ્ધ નાસ્કા લાઇન્સ નિહાળવા જઈ રહ્યા હતા

મૃતકોમાં 18થી 54 વર્ષની વયના ઇટાલિયન, સ્પેન અને જર્મન નાગરિકો

બોગોટા, તા. 2 (એપી) નગરપાલિકાના સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું હતું કે, પ્રખ્યાત નાસ્કા લાઇન્સ જોવા માટે જઈ રહેલા યુરોપિયન પ્રવાસીઓને લઈ જતું એક પ્લેન પેરુના નાસ્કા શહેર બહારના એક ખેતરમાં તૂટી પડતાં 13 લોકોનાં મોત થયાં છે.

નાસ્કાના મ્યુનિસિપલ ગવર્નમેન્ટે જણાવ્યું કે, આ પ્લેને શનિવારે નજીકના ઇકા શહેરમાંથી ઉડાન ભરી હતી અને તે પેરુવિયન કંપની 'એરોડિયાના' દ્વારા સંચાલિત હતું. તેની વેબસાઇટ પર એરલાઇને જણાવ્યું હતું કે, તે છેલ્લાં 14 વર્ષથી સેસના ગ્રાન્ડ કેરાવન પ્લેનનો ઉપયોગ કરીને નાસ્કા લાઇન્સ પર દર્શન માટેની ફ્લાઇટ્સ ઓફર કરી રહી છે. નાસ્કા લાઇન્સ એ પેરુના સ્થાનિક રહેવાસીઓ દ્વારા સો વર્ષો પહેલા નાસ્કાની આસપાસના રણમાં કોતરવામાં આવેલા વિસ્તૃત જીઓગ્લિફ્સ (ભૂ-રેખાંકનો)નો સમૂહ છે. આ રેખાઓ પ્રાણીઓના આકારો બનાવે છે જે ફક્ત વિમાન અથવા વ્યુઈંગ ટાવર પરથી જ પૂર્ણપણે જોઈ શકાય છે. પેરુના વાહનવ્યવહાર મંત્રાલયે જણાવ્યું હતું કે, મૃતકોમાં 18થી 54 વર્ષની વયના સાત ઇટાલિયન નાગરિકો, બે 52 વર્ષીય સ્પેનના નાગરિકો અને 77 અને 78 વર્ષના બે જર્મનોનો સમાવેશ થાય છે. અન્ય બે મૃતકો પાઇલટ અમેરિકો સાલાઝાર અને કો-પાઇલટ ઈરેન્કા ગ્વાનિલો ડેલ કાર્પિયો હતા. એમ એક સત્તાવાર અહેવાલમાં જણાવાયું છે.

પાકિસ્તાનમાં શાંતિ રેલીમાં આત્મઘાતિ વિસ્ફોટ, 14નાં મોત

પોલીસની નિષ્ક્રિયતાના કારણે સુરક્ષા વ્યવસ્થા કથળી હોવાનો આક્ષેપ

પેશાવર, તા. 2 (PTI) ઉત્તર-પશ્ચિમ પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં રવિવારે એક શાંતિ રેલી દરમિયાન પોલીસ સ્ટેશન પર થયેલા આત્મઘાતી હુમલામાં પાંચ સુરક્ષાકર્મીઓ સહિત ઓછામાં ઓછા 14 લોકોનાં મોત થયાં છે અને એક ડઝનથી વધુ લોકો ઘાયલ થયા છે. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

સ્વાત જિલ્લાના કાબલ ટાઉનમાં પોલીસ સ્ટેશનની બિલકુલ સામે સ્વાત શાંતિ રેલી ચાલી રહી હતી ત્યારે જ આ વિસ્ફોટ થયો હતો.

કોઈપણ જૂથ કે વ્યક્તિએ તુરંત આ હુમલાની જવાબદારી સ્વીકારી નથી.

રેસ્ક્યુ 1122 સ્વાતના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, નવ મૃતદેહોને સેન્ટ્રલ હોસ્પિટલ સૈદુ શરીફ ખાતે લઈ જવામાં આવ્યા હતા, જ્યારે કાબલ હોસ્પિટલના ડોક્ટરોએ વધુ પાંચ લોકોનાં મોતની પુષ્ટિ કરી હતી, જેનાથી કુલ કન્ફર્મ થયેલા મૃત્યુઆંક વધીને 14 થયો છે.

સ્વાત પીસ રેલીનું આયોજન સ્વાત અમન જીરગા (સ્થાનિક આદિવાસી પરિષદ) દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં સહભાગીઓએ સૂત્રોચ્ચાર કર્યા હતા અને વિસ્તારમાં શાંતિની માંગ કરતાં પ્લેકાર્ડ દર્શાવ્યા હતા. તેમણે આક્ષેપ કર્યો હતો કે પોલીસની નિષ્ક્રિયતાના કારણે છેલ્લા કેટલાક મહિનામાં સુરક્ષા વ્યવસ્થા કથળી છે.

ડિસ્ટ્રિક્ટ પોલીસ ઓફિસર (ડીપીઓ) સ્વાતના જણાવ્યા અનુસાર, શંકાસ્પદ આત્મઘાતી હુમલાખોરે કાબલ પોલીસ સ્ટેશન અને પોલીસ લાઇન્સ પરિસરમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ મુખ્ય ગેટ પર પોલીસ કર્મચારીઓએ તેને રોકી લીધો હતો. ત્યાર બાદ હુમલાખોરે વિસ્ફોટક ઉપકરણમાં વિસ્ફોટ કર્યો હતો, જેનાથી મુખ્ય ગેટને નુકસાન થયું હતું અને ભારે સુરક્ષા ધરાવતા આ પરિસરમાં તેને પ્રવેશતો અટકાવવામાં આવ્યો હતો.

પેજ 3

અભિનેતા રણદીપ હૂડા પૂર-પ્રભાવિત આસામના શિવસાગરમાં સહાય વિતરણમાં જોડાયો

ગુવાહાટી, તા. 2 : અભિનેતા રણદીપ હૂડાએ રાહત કાર્યોમાં જોડાવા અને પ્રભાવિત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરવા માટે ઉપરી આસામના પૂર-પ્રભાવિત શિવસાગરની મુલાકાત લીધી હતી. માનવતાવાદી સહાયનું વિતરણ કરતી વખતે અભિનેતાએ પીડિતો અને કામગીરીમાં જોડાયેલા સ્વયંસેવકો સાથે વાર્તાલાપ કર્યો હતો. તાજેતરના પૂર બાદ આ વિસ્તારના પરિવારો પોતાના જીવનને ફરીથી પાટા પર લાવવાનો પ્રયાસ કરી રહ્યા છે, ત્યારે હૂડા આપત્તિથી પ્રભાવિત લોકોને મળવા માટે શિવસાગર જિલ્લામાં પહોંચ્યા હતા. માનવતાવાદી સંસ્થા 'ગ્લોબલ સિખ' સાથે જોડાયેલા હોવાથી તેમણે પીડિતો સાથે સમય વિતાવ્યો.

નવા ટ્રેન્ડને લઈને કંગનાનો ઋત્વિક રોશન પર વળતો પ્રહાર : 'આગમાં ઘી હોમવાનું બંધ કરો'

મુંબઈ, તા. ૨ : હૃતિક રોશન અને કંગના રનૌત વચ્ચેનો લાંબા સમયથી ચાલતો જાહેર વિવાદ વાયરલ સોશિયલ મીડિયા ટ્રેન્ડને કારણે ફરી એકવાર સપાટી પર આવ્યો છે. આ નવો અધ્યાય ત્યારે શરૂ થયો જ્યારે લેખક ફેડી બર્ડીએ એક ઇન્સ્ટાગ્રામ પોસ્ટ શેર કરી, જેમાં લખ્યું હતું કે, "દુનિયાએ ઋત્વિક રોશનની માફી માગવી જોઈએ.' તે બાબત હવે બંને કલાકારો વચ્ચેના નવા વાક્યુદ્ધમાં ફેરવાઈ ગઈ છે. જેમાં કંગનાએ ઋત્વિક પર ઓનલાઇન ટ્રોલિંગને પ્રોત્સાહન આપવાનો આરોપ લગાવ્યો છે અને તેને 'અયોગ્ય ટિપ્પણીઓ' કરવાનું બંધ કરવા કહ્યું છે. આ નવી ચર્ચાએ લગભગ એક દાયકા પહેલાં શરૂ થયેલી તેમની ભારે ચર્ચિત કાનૂની લડાઈની યાદો પણ તાજી કરી દીધી છે.

ટીવી અભિનેત્રી અદિતિ શર્માએ પતિ-સાસરિયા પર કર્યો ઘરેલુ હિંસાનો આક્ષેપ

મુંબઈ, તા. 02 : ટીવી-એક્ટ્રેસ અદિતિ શર્માએ તેના પતિ અભિનિત કૌશિક અને તેના પરિવારના બે સભ્યો સામે ઘરેલુ હિંસાની ફરિયાદ નોંધાવી છે. તેણે તેના પર મારપીટ, મૌખિક અને માનસિક ઉત્પીડનનો આક્ષેપ કર્યો છે. આ ફરિયાદ મુંબઈના ગોરેગાંવ પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવી છે અને તેના પતિ, સાસુ ઉર્મિલા કૌશિક અને નણંદ કીર્તિ કૌશિક સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. હાલમાં પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. અદિતિની ફરિયાદ મુજબ, કથિત ઉત્પીડન લગ્નના થોડા સમય પછી જ શરૂ થઈ ગયું હતું અને ધીમે-ધીમે સમય જતાં વધતું ગયું. એક્ટ્રેસે તેના પતિ અને તેના પરિવાર પર અનેક આક્ષેપો કર્યા છે, જેમાં વારંવાર હેરાન કરવા, મારપીટ કરવી અને તેનાં ઘરેણાં પોતાની પાસે રાખી લેવાનો સમાવેશ થાય છે.

મુંબઈ સિદ્ધિવિનાયક મંદિરમાંથી વર્ષે રૂ. 18 કરોડની દાન ચોરી : રાજ ઠાકરે

મુંબઈ, તા. 2 (પીટીઆઈ): મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (એમએનએસ)ના અધ્યક્ષ રાજ ઠાકરેએ દાવો કર્યો છે કે, મુંબઈના પ્રખ્યાત સિદ્ધિવિનાયક મંદિરમાંથી દર વર્ષે 18 કરોડનું દાન સગેવગે કરવામાં આવતું હતું. ઠાકરેએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે, અયોધ્યાના રામ મંદિરમાં 1,400 કરોડની ચોરી થઈ હતી. ''આજકાલ મંદિરો પણ સુરક્ષિત નથી'' એમ કહીને ઠાકરેએ દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદી આ મુદ્દા પર મૌન તોડે અને બોલે તેવી માંગ કરી હતી. એમએનએસ વડા શનિવારે તેમની પાર્ટીની વિદ્યાર્થી પાંખ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં બોલી રહ્યા હતા. ઠાકરે કહ્યું હતું કે, નિરાશ થયેલા યુવાનો મંદિરોમાં જાય છે, પરંતુ મંદિરો પણ ભ્રષ્ટાચારથી મુક્ત નથી. મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેને આઠ ટ્રસ્ટીઓ દ્વારા લખવામાં આવેલા એક પત્રને વાંચતાં ઠાકરેએ જણાવ્યું હતું કે, ટ્રસ્ટીઓની સતર્કતાના કારણે સિદ્ધિવિનાયક મંદિરની દાનપેટીમાંથી પૈસા ચોરનારા કેટલાક કર્મચારીઓ પકડાયા હતા. આ ચોરી પકડાઈ તે પહેલાં દાનમાંથી મંદિરની સાપ્તાહિક આવક 50 લાખ કરતાં પણ ઓછી હતી અને ચોરી પકડાયા બાદ આ કલેક્શન વધીને 1.5 કરોડ થઈ ગયું. રાજ ઠાકરેએ આરોપ લગાવ્યો હતો કે, "દર વર્ષે 18 કરોડની ચોરી થઈ રહી હતી."

જંતર-મંતરમાં અશાંતી ફેલાવવા જૈશના શંકાસ્પદ ત્રાસવાદીએ કાવતરું ઘડ્યું હતું

બંગાળમાંથી ઝડપાયેલા હમીમ મંડલની ગર્લફ્રેન્ડની વોટ્સએપ ચેટને પગલે અન્ય કાવતરાનો પણ પર્દાફાશ થયો

હમીમ મંડલને પાકિસ્તાની હેન્ડલર્સ દ્વારા મુખ્યમંત્રી સુવેન્દુની ગતિવિધિઓ પર નજર રાખવાનું કામ પણ સોંપાયું હતું

કોલકાતા તા. 02 : પશ્ચિમ બંગાળમાંથી ધરપકડ કરાયેલા એક શંકાસ્પદ આતંકવાદીએ મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીને નિશાન બનાવવા અને દિલ્હીના જંતર-મંતર ખાતે તાજેતરમાં થયેલા CJP વિરોધ પ્રદર્શનમાં ઘૂસણખોરી કરીને તેમાં અશાંતિ ફેલાવવાની યોજના બનાવી હતી, એવું સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (STF) એ જણાવ્યું છે. પાકિસ્તાન સ્થિત જૈશ-એ-મોહમ્મદ આતંકવાદી જૂથ સાથે જોડાયેલા હમીમ મંડલની બે દિવસ પહેલા પૂર્વા વર્ધમાન જિલ્લામાંથી ધરપકડ કરવામાં આવી હતી.

ઇન્સ્પેક્ટર જનરલ (STF) ગૌરવ શર્માએ જણાવ્યું હતું કે મંડલના પાકિસ્તાન સ્થિત હેન્ડલર્સ ઇચ્છતા હતા કે તે પોલીસ યુનિફોર્મમાં જંતર-મંતર વિરોધ સ્થળ પર પ્રવેશ કરે અને અશાંતિ ફેલાવે. તેમણે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું પાકિસ્તાની હેન્ડલર્સે હમીમ મંડલને પોલીસ યુનિફોર્મ પહેરીને દિલ્હીના જંતર-મંતર ખાતે વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનમાં ઘૂસણખોરી કરવા અને અશાંતિ ફેલાવવા કહ્યું, હતું, એસટીએફના જણાવ્યા અનુસાર, હમીમને મુખ્યમંત્રી સુવેન્દુની ગતિવિધિઓ પર નજર રાખવાનું કામ પણ સોંપવામાં આવ્યું હતું.

જમ્મુ રેલવે ડિવિઝને જુલાઈમાં ખુદાબક્ષો પાસેથી રૂ. 78 લાખનો દંડ વસૂલ્યો

વિશેષ ઝુંબેશમાં 10,000થી વધુ વગર ટિકિટે મુસાફરી કરનારા ખુદાબક્ષો ઝડપાયા

જમ્મુ, તા. 2 (PTI) ઉત્તર રેલવેના જમ્મુ ડિવિઝને જુલાઈ દરમિયાન એક મહિના સુધી ચાલેલી વિશેષ ઝુંબેશ દરમિયાન 10,000થી વધુ ટિકિટ વગરના અને અનિયમિત મુસાફરોને દંડ કરીને આશરે રૂ. 78 લાખની આવક મેળવી હતી, જે વગર ટિકિટે મુસાફરી કરનારાઓ સામે સઘન અમલીકરણ દર્શાવે છે. એમ એક સત્તાવાર પ્રવક્તાએ રવિવારે જણાવ્યું હતું. પ્રવક્તાએ જણાવ્યું હતું કે, કડક ટિકિટ ચેકિંગ અને અમલીકરણના પગલાં દ્વારા ટિકિટ વગર મુસાફરી, ઉચ્ચ વર્ગમાં અનાધિકૃત મુસાફરી, વગર બુક કરાવેલ સામાન લઈ જવો અને રેલવેના નિયમોના અન્ય ભંગને રોકવા માટે આખા જમ્મુ ડિવિઝનમાં આ ઝુંબેશ ચલાવવામાં આવી હતી.

પ્રવક્તાએ જણાવ્યું હતું કે, સિનિયર ડિવિઝનલ કમર્શિયલ મેનેજર, જમ્મુ, ઉચિત સિંધલના માર્ગદર્શન હેઠળ ટિકિટ ચેકિંગ સ્ટાફે તમામ મેઇલ, એક્સપ્રેસ અને પેસેન્જર ટ્રેનોમાં તેમ જ ડિવિઝનના મુખ્ય સ્ટેશનો પર આકસ્મિક અને નિયમિત ચેકિંગ હાથ ધર્યું હતું.

પંજાબ નેશનલ બેંક punjab national bank ...the name you can BANK upon!

શાખા ઓફિસ : ૯૩૫૨૦૦ – કતારગામ

લોકર ધારકોને નોટિસ પંજાબ નેશનલ બેંક (લોકર્સના ભાડાની ચુકવણીમાં કસૂરવારો માટે)

આ અમારા મુલ્યવાન સમર્થકો ને માહિતી માટે છે જેમણે **પંજાબ નેશનલ બેંકની કતારગામ શાખા (પીયુએનબી૦૯૩૫૨૦૦)**, માંથી લોકર ભાડેથી લીધા છે. ભાડુઆતોને તેમના રેકોર્ડ કરેલા સરનામાં પર RBI/બેંકની માર્ગદર્શિકા મુજબ મોકલવામાં આવેલી નોટિસો વિતરીત થયા વિના પરત કરવામાં આવી છે. અને કોઈ કેસો માં નોટીસ મળી છે. પણ શોધી શકયા નથી. લોકર ધારકોનો તેમના રેકોર્ડે કરેલા સરનામે રૂબરૂ સંપર્ક કરવાના પ્રયાસો પણ નિરર્થક ગયા અને તેઓનું હાલનું ઠેકાણું જાણી શકાયું નથી. આમ કોઈ વિકલ્પ ન હોવાથી, નીચે જણાવેલ તમામ વ્યક્તિઓને સંબંધિત શાખાનો સંપર્ક કરવા અને ૧૫ દિવસના સમયગાળામાં બેંકના લેણાંની ચુકવણી કરવા માટે આ નોટિસ આપવામાં આવે છે, જે નિષ્ફળ થવા પર બેંક તેમના ખર્ચે લોકર તોડવાની પ્રક્રિયા કરશે, જોખમ અને જવાબદારી અને બેંક બાકી ભાડું, ખર્ચ અને અન્ય શુલ્કની વસૂલાત માટે તેના પૂર્વાધિકારનો ઉપયોગ કરશે.

અનુ. નં.	લોકર ધારકનું નામ	નોંધાયેલ સરનામું	લોકર નં.	બાકી ભાડાની રકમ (રૂ.માં)
૧	રીકલ પી.જૈન	સી–૨૦૧, લક્ષ્મી રેસીડેન્સી, ગજેરા સ્કુલ નજીક, કતારગામ, સુરત–૩૯૫૦૦૪	AA00047	રૂ. ૨૦,૩૫૫.૦૦

તા. ૦૩.૦૮.૨૦૨૬ । સ્થળ :સુરત બ્રાન્ચ મેનેજર, પીએનબી કતારગામ શાખા.

બૅંક ઑફ બડૌદા Bank of Baroda

ઝાડેશ્વર રોડ શાખા : પહેલો માળ, જે.કે. કોમ્પલેક્ષ, ઝાડેશ્વર રોડ, ભરૂચ–ગુજરાત ૩૯૨૦૧૨
Email : zadesh@bankofbaroda.com

કબજા નોટીસ (સ્થાયી મિલકત) [સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮(૧) હેઠળ]

નીચે સહી કરનાર **બૅંક ઓફ બરોડાના** અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩ (૧૨) સાથે વાંચતા રૂલ ૩ હેઠળ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ની સત્તા હેઠળ **તા.૨૦.૦૫.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/જામીનદાર **શ્રીમતી કોમલબેન નીરવકુમાર ચૌહાણ (દેવાદાર અને ગીરવેદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૨૦,૪૮,૧૫૦.૦૦ (રૂપિયા વીસ લાખ અડતાલીસ હજાર એકસો પચાસ પુરા) + વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** આ નોટીસ પ્રાપ્ત થયેથી ૬૦ દિવસમાં પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/જામીનદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) ના રૂલ ૮ સાથે વંચાણે લઈ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૨૯થી જુલાઈ ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો **કબજો** સંભાળી લીધેલ છે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બૅંક ઓફ બરોડા**, ની રકમ **રૂા.૨૦,૪૮,૧૫૦.૦૦ + વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** ને આધીન રહેશે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે એન.એ જમીન નો રેવન્યુ સર્વે નં. ૫૩૮ માપ ૨૦૯૦૦–૦૦ ચો.મી, મુળ 'માતૃછાયા રેસીડેન્સી' પૈકી એ અને બી ટાવર પૈકી ટાવર એ–૩ પૈકી, ૬૬ા માળ નો ફલેટ નં.૬૦૧, બિલ્ટઅપ એરિયા માપ ૬૩.૬૦ ચો.મી, કારપેટ એરિયા માપ ૫૪.૩૦ ચો.મી, વણવહેચાયેલ હિસ્સા સહિત જમીન ૧૫.૬૦ ચો.મી, ગામ.તવરા, તા અને જી.ભરૂચ, (ગુજરાત) ખાતે શ્રીમતી કોમલબેન નીરવકુમાર ચૌહાણની માલીકીની આવેલ છે. **જેની ચતુર્દિશા : પૂર્વ તરફ** : ફલેટ નં.૬૦૪ લીફટ અને પેસેજ, **પશ્ચિમ તરફ** : ખુલ્લી જગ્યા, **ઉત્તર તરફ** : આ ટાવરનો ફલેટ નં.૬૦૨ , **દક્ષિણ તરફ** : ટાવર એ–૪ નો ફલેટ નં.૬૦૨ આવેલ છે.

તા. ૨૯.૦૭.૨૦૨૬